૭૩૭૫

પ્રસ્તાવના.

ગોહીલવાડ વિગેરે પ્રાંતના ૪૭૫ ગામોમાં રહેનારા વીશા શ્રીમાળી વાણીઆઓને માટે આ ધારો સર્વના એકમતથી શ્રી ટાણા મુકામે પસાર કરવામાં આવ્યો છે. એ પ્રસંગ બહુ આલ્હાદ ઉપજાવે એવો હતો. તેના મુખ્ય (૩) કારણો હતાં પ્રથમ તો જેને માટે આ ધારો પસાર કરવામાં આવ્યો છે તે સર્વે જૈનધર્માનુયાયી અને જિનેશ્વરની પ્રતિમાની શેવાભક્તિ કરવાવાળા છે તેથી ત્યાં આવેલા સર્વે ભાઇઓ દરરોજ જિન પૂજાદિ કૃત્યોનો લાભ એક સાથે લેતા હતા, બીજું એકત્ર થયેલા સર્વે જ્ઞાતિ ભાઇઓ પરસ્પર બહુ પ્રીતીભાવથી વર્ત્તતા હતા અને કાર્ય કરવાને વખતે પણ પરસ્પર ઉંચે સ્વરે ન બોલતાં મીઠાશથી કામ લેવામાં આવતું હતું, ત્રીજું પુષ્કળ માણસ એકત્ર થયા છતાં શરિર સુખાકારી બહુ સારી રહી હતી.

આ કાર્ય માત્ર જ્ઞાતિબંધુના હિતને માટે કરવામાં આવ્યું છે. તેમાં મુખ્ય ઉદીરણા શ્રી પાલીતાણા નિવાસી શેઠ બેહેચરભાઈ જેકા વિગેરેની હતી. શ્રી ટાણાના ગ્રહસ્થોએ આદર સત્કાર કરવા માટે ઉતારાનો તથા પાગરણ વિગેરેનો બંદોબસ્ત પ્રશંસા પાત્ર કર્યો હતો. અને આ ધારાનો મૂળ મુસદ્દો કરવામાં શ્રીપાલીતાણાનિવાસી ગાંધી દેવચંદ હાવાએ તથા પસાર કરવાની વખતે ડહાપણ ભરેલા વિચારો આપવામાં શેઠ બહેચરભાઈ જેકાએ, વોરા. તારાચંદ ઠાકરશી તથા શા. જુઠાભાઈ વાલજી ભાવનગરવાળાએ, શેઠ મુળજીભાઈ લવજી કુંડલાવાળાએ, શા. વેલચંદ હરીચંદ શીહોરવાળાએ અને દોશી ઝુંઝા ભીખા તળાજાવાળાએ મુખ્ય ભાગ લીધો હતો.

આ ધારો યાને કાયદો ઘડવામાં તથા તે સંબંધી લખાણ કરવામાં તેમજ દરેક ધારા સંબંધી સ્પષ્ટ રીતે સમજુતી આપવામાં શ્રીભાવનગર નિવાસી વકીલ મુળચંદ નથુભાઈ તથા શા. કુંવરજી આણંદજીએ બહુ સારી રીતે પ્રયાસ કર્યો હતો.

જ્ઞાતિ ભાઈઓની ભક્તિ કરવામાં શ્રી પાલીતાણા, ભાવનગર, મહુવા, કુંડલા, ટાણા તથા ખુંટવડા વિગેરેના આગેવાન ગ્રહસ્થોએ પોતપોતાના ગામોની જ્ઞાતિ તરફથી વિશેષ ભાગ લીધો હતો. ત્યાંના દેરાસરજીના ભંડાર વિગેરે શુભ નિમિત્તમાં આવેલા સર્વે ગામની જ્ઞાતિ તરફથી રૂ. ૭૦૦) લગભગ કરી આપવામાં આવ્યા હતા અને છેવટે પરસ્પર આણંદ પુર્વક મળી ભેટીને સૌ પોતપોતાના વતન તરફ રવાને થયું હતું.

દરેક કાર્ય પ્રથમ થાય ત્યારે પરિપૂર્ણ હોતું નથી તે પ્રમાણે આ ધારો પણ પ્રથમનો હોવાથી પરિપૂર્ણ અને બીલકુલ ખામી વિનાનો છે એમ કહી શકાય નહીં. માટે કોઈ સુજ્ઞ જ્ઞાતિબંધુને આમાં સુધારો વધારો કરવા જેવું જણાયતો તેણે શ્રીપાલીતાણાના મહાજન યોગ્ય પત્રદ્વારા જણાવવું. જેથી તેને માટે યોગ્ય ગોઠવણ કરવામાં આવશે.

આ ધારા બરાબર પાળવા એ દરેક જ્ઞાતિબંધુનું પોતપોતાનું કાર્ય છે તેમજ એ બરાબર પળાવવા એ જ્ઞાતિના આગેવાન ગ્રહસ્થોનું કાર્ય છે. માટે દરેક જ્ઞાતિબંધુઓએ બરાબર પાળવા લક્ષ રાખવું અને આગેવાન ગ્રહસ્થોએ ફેરફાર રીતે વર્તનારને તરતજ સૂચના, ઠપકો અથવા બીજી યોગ્ય પ્રકારની શિક્ષા કરવાની ચીવટ રાખવી. તે સાથે આ ધારા પસાર થવાને પ્રસંગે આવેલા અને ન આવેલા સર્વે જ્ઞાતિ ભાઈઓએ આ ધારો બરાબર અમલમાં આવે તેવોજ વિચાર ધરાવવો પરંતુ કોઈપણ કારણસર આ ધારો અથવા તેની અમુક કલમ તુટે તો ઠીક એવો વિચાર ધરાવવો નહીં કારણ કે એવો વિચાર તેમને પોતાને તેમજ જ્ઞાતિ હિતને હાનીકારક છે. આ ધારો કોઈના પણ અંગત હિતને માટે પસાર કરવામાં આવ્યો નથી પરંતુ સર્વે જ્ઞાતિ ભાઈઓનો વ્યવહાર ઠીક ચાલે, નિતિ જળવાય, અડચણ દૂર થાય અને આબાદી જળવાઈ રહે તેને માટે કરવામાં આવ્યો છે માટે એ બાબતોની પુષ્ટી તરફ સર્વે જ્ઞાતિભાઈઓએ લક્ષ રાખવું એટલી ખાસ સૂચના છે.

श्री परमात्मने नमः

मंगलं भगवान् वीरो
मंगलं गौतमः प्रभुः
मंगलं स्थूल भद्राद्याः
जैन धर्मोऽस्तु मंगलं ॥१॥

સંવત ૧૯૫૨ના ભાદરવા વદ ૯ ગુરૂવારના રોજ શહેર પાલીતાણાના શ્રી વીશાશ્રીમાળી વાણીયાની જ્ઞાતીના આગેવાન શેઠ બેચરભાઈ જેકા વિગેરે મહાજન સમસ્તના આમંત્રણથી ભાવનગર તાબાના ટાણા મુકામે ગોહિલવાડ વિગેરે પ્રાંતના નીચે જણાવેલા મુખ્ય તાલુકાના અને તેની હકુમતના ગામોના આશરે પાંચસો ઉપરાંત ગ્રહસ્થો એકઠા થયા હતા. તેઓ સઘળાએ એક મત થઈ ચાલતી સાલના આસો શુદ ૧ બુધવાર સુધી સાથે કામ કરી આ સાથે જણાવેલા વીશાશ્રીમાળી જ્ઞાતિના ધારાઓ સર્વાનુમતે પસાર કર્યા છે.

સદરહુ તાલુકાઓના નામ.

૧ પાલીતાણા	૨ ભાવનગર	૩ શીહોર
૪ ગોઘા	૫ તણસાત્રાપસ	૬ તલાજા

દીહોર જસપરૂં વિગેરે

૭ ઝાઝમેર ૮ દાઠા ૯ મહુવા
૧૦ ખુંટવડામોટા ૧૧ કુંડલા ૧૨ અમરેલી
૧૩ બગસરા ૧૪ ચીતલ ૧૫ રંઘોલા વિગેરે બારગામ
૧૬ વળા ૧૭ ઉમરાળા ૧૮ પછેગામ ૧૯ ઉના.

ઉપર જણાવેલા તાલુકાઓ પૈકી બગસરા, ચીતલઅને ઉના એ ત્રણ તાલુકાના ગ્રહસ્થો આવી શકયા નહોતા પરંતુ જે ધારાઓ એકત્ર થયેલ મહાજન મંડળ પસાર કરે તે ધારાઓ તેઓને મંજુર છે તેવા તેઓના તરફથી પત્રો આવેલા છે.

ગોહીલલાડ તથા કાઠીયાવાડ તથા ઉંડ અને વાલાક તથા ગોઘાબારાના વીશાશ્રીમાળી વાણીયાની જ્ઞાતિને માટે કેટલાએક નિયમો કરવાની જરૂર છે તેથી નીચે મુજબના નિયમો કરવામાં આવ્યા છે.

વીશાશ્રીમાળી જ્ઞાતિના ધારા.

૧ આ કાયદાને ગોહીલવાડ પ્રાંત વિગેરેની વીશા શ્રીમાળી વાણિયાની જ્ઞાતિનો કાયદો કહેવો અને તે ગોહીલવાડ પ્રાંત વિગેરેના ઉપર જણાવેલા તાલુકામાં તથા તેની હકુમત નીચેના ગામોમાં અમલમાં આવશે.

૨ આ કાયદો સંવત ૧૯૫૨ ના આસો શુદ ૧૦ ગુરૂવાર તા. ૧૫ અકટોબર સને ૧૮૯૬ ના રોજથી અમલમાં આવશે.

૩ આ ધારો પસાર થયા અગાઉના ધારાઓ તથા રીવાજ જે આ ધારાના નિયમોથી વિરૂદ્ધ ન હોય તે તમામ બહાલ રાખી બાકીના તમામ રદ કરવામાં આવે છે.

૪ આ ધારામાં નીચે જણાવેલાં શબ્દોનો નીચે મુજબ અર્થ કરવો.

૧ મહાજન એટલે દરેક ગામના વીશાશ્રીમાળી વાણીયાની નાત સમસ્ત.

૨ માણસ એ શબ્દમાં પુરૂષ અને સ્ત્રી બન્ને વર્ગનો સમાશ થાય છે.

૩ તાલુકો એટલે ગોહિલવાડ વિગેરે પ્રાંતના મુખ્ય શહેર યા ગામ જેની હકુમત નીચે આ કાયદાની પાછળના પહેલા પરિશિષ્ટમાં બતાવેલા ગામો છે તે.

૪ વરવાળા એ શબ્દમાં વર તેના માતા પિતા–ભાઇ– અને નજીકના સગાનો સમાસ થાય છે.

૫ કન્યાવાળા એ શબ્દમાં કન્યા—તેના માતા પિતા– ભાઈ અને નજીકના સગાનો સમાસ થાય છે.

૬ અવેજ એટલે કન્યાના ખાધાના રૂપૈયા તેના માબાપ તરફથી લેવામાં આવે છે તે.

૭ વચન. જે શબ્દ એક વચનમાં લખવામાં આવ્યો હોય તે શબ્દનો બહુ વચનમાં પણ સમાસ થાય છે.

દ્રષ્ટાંત.

દીકરી—દીકરીઓ. ભાઇ—ભાઇઓ.

૮ કેરી ઉતાર એ શબ્દમાં ગોહિલવાડ પ્રાંતના સીમાડા ઉપર આવેલી કેરી નામની નદીને પેલે પાર એમ સમજવું.

૯ સવેલું એટલે વેશવાળ કરેલી કન્યા જ્ઞાતિની -રજાવિના બીજા વર સાથે પરણાવી દેવી તે.

૧૦ અન્યધર્મિ—એ શબ્દમાં જૈનધર્મી શિવાયના વૈષ્ણવ તથા સ્વામીનારાયણ વિગેરે ધર્મ પાળનારાનો સમાસ થાય છે.

૧૧ ફુલવીંટી, પાનવીંટી બદલ એટલે કન્યાને વરના ભાણામાં બેસાડીને આપવાનો રીવાજ છે તે,

પ્રકરણ ૧ લું

(વેશવાળ સંબંધી)

૫ વર કન્યાના વેશવાળ કરવા સંબંધીનો તારીખવાર નોંધ, જે ગામમાં વેશવાળ કરવામાં આવ્યુ

હોય તે ગામની જ્ઞાતિને ચોપડે કરવો. અને ખાધાના રૂપૈયા લેવાનો ઠરાવ થયો હોય તો તેની વિગત લખવી. અને વેશવાળ કરતી વખતે વરવાળા પાસેથી રૂ ૧–૦–૦ તે ગામની જ્ઞાતિવાળાએ લેવો.

૬ વેશવાળના બોલ બંધ કરતી વખતે સાકર વહેંચવી નહિ.

૭ કન્યાના (થર) નંગ પાનેતરનો ખર્ચ કન્યાના બાપને શિર છે. આ ધારો અમલમાં આવ્યા અગાઉના વેશવાળમાં વરને માથે થર પાનેતરનો ખર્ચ નાખ્યો હોય તો તે બદલ કન્યાના બાપે વરવાળા પાસેથી રૂ ૩૦) લેવા એટલે તે કન્યાનું (થર) નંગ પાનેતર તેના (કન્યાના) બાપે લેવું.

૮ કન્યાનું વેશવાળ કર્યા પછી રૂપૈયા ખાવાના લેનારે શ્રીફળ મોકલવું નહિ. અને બીજાએ શ્રીફળ મોકલવું હોય તો બ્રાહ્મણને શ્રીફળ સાથે રૂ. ૧) લઇ મોકલવો. અને તેને શીખના રૂપૈયા બે સુધી આપવા. તે પ્રસંગે સાકર વેહેંચવી હોય તો વેહેંચવી.

૯ વેશવાળ કર્યા પછી કોથળી મોકલવાનો જે ગામમાં રીવાજ હોય તેણે સાકર શેર અઢી મોકલવી.

તેમાં રોકડ રકમ કાંઇ મોકલવી નહિ. અને તેમાંથી કન્યાવાળાએ પાછું કાંઇ મોકલવું નહિ.

૧૦ વેશવાળ કર્યા બાદ ખાવાના આપનાર સખ્સે છ મહિનાની અંદર વેશવાળના લુગડાં ચડાવી દેવા. પરંતુ ખાસ અડચણ આવી પડે તો તે બાબતપર ધ્યાન રાખી બનતી રીતે વેલાસર લુગડાં ચડાવી દેવાં.

૧૧ આપણી જ્ઞાતિના કોઇ પણ સખ્સે પોતાની કન્યા ૫૫ પંચાવન વર્ષ ઉપરાંતનાં મરદને આપવી નહિ.

૧૨ વેશવાળના લુગડાં ચડાવવા તેની વીગત—

૧ ખાધાના આપનાર સખ્સે નીચે પ્રમાણે લુગડાં ચડાવવા.

૧ ચુંદડી ૧ કસુંબાની કોરપાલવ વાળી.

૧ ઘાઘરો ૧ રેશમી અતલસનો કસબીકોરવાળો.

૧ કાપડું ૧ લીલા કીનખાબનું અથવા અતલસનું તુઇ વાળું.

૧ નાડી ૧ રેશમી.

૧ સુખડી શેર સવાપાંચ.

૧ સાકર શેર અઢી.

૧ રૂ. ૪ રોકડા આપવા તેની વીગત.

રૂ. ૨) જુવારમાં રૂ ૧) ચુંદડીને છેડે.

રૂ. ૧) કન્યાના હાથમાં. કુલ રૂ. ૪)

૧ વરવાળાએ મોંજોણાના રૂ. ૨ થી ૪) સુધી આપવા તેથી વધારે આપવા નહિ. અને મોંજોણાની શીખ મોંજોણાની રકમથી કન્યા-વાળાએ અરધી આપવી. તેથી વધારે આપવી નહિ. બ્રાહ્મણ સાથે ઘરેણું મોકલ્યું હોય તો મોંજોણું કરવું નહીં.

૨ કંકુ કન્યાવાળા તથા પુરતીયાએ લુગડાં ચ-ડાવવાની વિગત.

૧ ચુંદડી ૧ કશબીકોર પાલવવાળી કાચારંગ-ની અથવા મધરાશીની સુતરાઉ.

૧ ઘાઘરો ૧ રેશમી અતલશી, કશબી કોરવાળો.

૧ નાડી ૧ રેશમી.

૧ કાપડી ૧ કીનખાબની અથવા અતલસની તુઈવાળી, નાની કન્યાને કાપડીને બદલે આંગડી કે કબજો કરવો હોય તો તે વરના બાપની મરજી ઉપર છે.

૧ સાકર સુખડી તથા રૂપૈયા ઉપર પ્રમાણે આપવા.

૧ મોંઝેણાની રકમ ઉપર પ્રમાણે આપવી. પણ શીખ કન્યાવાળાએ પુરેપુરી આપવી.

૧ બ્રાહ્મણને લુગડાં ચડાવવા મોકલ્યો હોય તો ખાધાના લેનારે તેમજ કંકુ કન્યાવાળાએ શીખના રૂપૈયા ૧ થી ૨ સુધી આપવા.

૧ ઉપર જણાવ્યા શિવાય વધારે લુગડું કોઇએ લઇ જવું નહિ. વરના બાપને કદાપિ અતલસના ઘાઘરાને બદલે કીનખાબનો ઘાઘરો કરવાની મરજી હોય તો તેને માટે પ્રતિબંધ નથી. પરંતુ કન્યાના બાપે અટકાવીને વરવાળા પાસેથી કીનખાબનો ઘાઘરો લેવો નહિ.

૧૩ વેશવાળનું (લુગડું) ઘરેણું વધાવતી વખતે સાકર અથવા ખાંડ વેહેંચવી નહિ.

૧૪ વેશવાળના લુગડાં ચડાવવા જતી વખતે વધારેમાં વધારે પાંચ માણસો સુધી જવું. અને તેઓને દીવસ ચારથી છ સુધીમાં કન્યાવાળાએ રજા આપવી.

૧૫ લુગડાં ચડાવતી વખતે વરવાળાએ લાણી અથવા જમણવાર કરવો નહિ.

૧૬ ભાતાની થાળીમાં વરવાળાએ અરધો રૂપૈયો મુ

કવો. કન્યાના બીજા સગા સંબંધીના આવેલા ભાતાની થાળીમાં કાંઇ પણ મુકવું નહી.

૧૭ વેશવાળનાં લુગડાં ચડાવવાના પ્રસંગમાં ઉપરના ઠરાવ ઉપરાંત કોઇ પણ સખ્સે કાંઇ પણ હોંશના કારણથી લેવું દેવું નહિ.

૧૮ કન્યાને ખોળે બેસારવાનો રીવાજ કાઢી નાખવામાં આવે છે.

૧૯ ગામમાંને ગામમાં વેશવાળ થયું હોય તો લુગડાં ઘરેણું લાવનારને એક ટંક જમાડવા.

૨૦ પરગામથી લુગડાં ઘરેણું લાવનારે પોતાની કુંવારી વહુ–કુંવારા જમાઇ અને પોતાના ભાણેજને તેમજ સગા ભાઇ ભત્રિજાનેજ જમવાનું કહેવું. અને તેઓને ચાર ટંક રાખી રજા અપાવવી. તે શિવાય બીજા સગાવહાલાને જમવાનું કહેવું નહિ.

૨૧ મોટી ઉમરની કન્યાનું વેશવાળ કરવામાં આવે ત્યારે કન્યાને ચાર ચાર લાતીની બે ચુડીઓ લેવી એટલે કુલ મળી આઠ લાતી દાંત લેવો. તેથી વધારે લેવો નહિ.

૨૨ વેશવાળ કર્યાથી તે પરણેતર પુરૂં થતાં સુધીમાં કન્યાને ઘરેણું રૂ. ૩૦૦) થી રૂ ૫૦૦) સુધીનું કર

ણું. તે કરતાં વધારે કીંમતનું કુલ મળીને થાય તેવી રીતે કોઈ પણ દાગીનો વરણામાં મુકવો નહી.

૨૩ વેશવાળ કર્યા પછી પરણેતર સુધીમાં હોળીનો હારડો અને દીવાળીની માટલી એકાંતરે વરસે આ-પવી. એટલે એક વર્ષમાં બને વાના આપવાં નહિ.

હોળીનો હારડો પેહેલો કરવામાં આવે તેમાં બે શ્રીફળ તથા સાકર શેર સવાપાંચ—હારડા તથા મેવા બદલ આપવી. તેમાંથી અઢીશેર સાકર કન્યાવાળા એ વરવાળાને પાછી મોકલવી. હારડો કે મેવો બીલ કુલ આપવો નહિ.

બીજા વખતના હારડામાં હારડા તથા મેવાને બદલે સાકર શેર અઢી મોકલવી. તેમાંથી કન્યાવા ળાએ પાછી મોકલવી નહિ.

દીવાળીની માટલીમાં સુખડી મોકલવી તેનો તોલ ઉપર પ્રમાણે સમજવો. એટલે કે પ્રથમ સવા-પાંચ શેર અને પછી અઢીશેર.

ઓઢવાનું લુગડું ફકત હોળીના હારડા વખતે મોકલવું. દીવાળીની માટલી વખતે મોકલવું નહિ. તેમાં પરણેતર સુધીમાં એક વખત એક રેશમી ઓ-ઢણી આપવી. બાકીને વખતે સુતરાઉ લુગડું આપવું.

મોટી ઉંમરની કન્યાનું વેશવાળ થાય અને એક વર્ષની અંદર તેનું પરણેતર થાય તો હોલીના હારડામાં રેશમી ઓઢણી આપવી નહિ. અને તે ઓઢણી કન્યાવાળાએ વરણા વખતે માગવી કે લેવી પણ નહિ.

પ્રકરણ બીજું.

(લગન સંબંધી.)

૨૪ પરગામ લગ્ન પત્રિકા લઇ જનાર માણસને શીખના રૂ. ૧ થી ૨ સુધી આપવા. ઘરના માણસે પરગામ લગ્ન પત્રિકા લઈ જવું નહિ. ગામમાં ને ગામમાં લગ્ન પત્રિકા લઇ જનારને શીખનો રૂ. ૧)આપવો.

૨૫ કન્યાને માટે તેના બાપે નંગને સારૂ દાંત લાતી બાવીશ લેવો. તેના કરતાં વધારે લાતી દાંત લેવો નહિ.

૨૬ કન્યાના બાપે પાનેતર રેશમી તેની મરજીમાં આવે તેવું લેવું. ઘાઘરો રેશમી તથા ખીરોદકની કાપડી લેવી.

૨૭ જાનનું સામૈયું કરવાનો ખર્ચ વરના બાપ પાસેથી કન્યાવાળાએ બીલકુલ લેવો નહિ. પણ લગ્નની આખી રાતનો દીવી તથા વાજા વિગેરેના શ્રીફળ સંબંધી રૂ. ૧)સુધી કન્યાવાળાએ વરવાળા પાસેથી લેવું.

૨૮ ગામમાં જાન દાખલ થયા પછી નાથ થોભામણ તથા પીરસામણ કન્યાવાળાએ કાંઇપણ લેવું નહીં.

૨૯ જાન આવે ત્યારે વરના ગાડાના બળદનેજ ફકત ઘી પાવું અને તે વર તોરણ છબવા જાય ત્યારેજ પાવું. બીજા કોઇ પણ ગાડાના બળદને ઘી પાવું નહિં.

૩૦ લગ્નના પ્રસંગમાં ખાંડ ચોખા અને ઘીનું જમણ બંધ કરવામાં આવે છે.

૩૧ વર તોરણે આવે ત્યારે આચમનનો રૂ ૧—૦—૦ કન્યાવાળાએ લેવો.

૩૨ જાન જમવા આવે ત્યારે જુહાર કરવો તેમાં મુકવાની વીગત.

રૂ. ૨). પૈસા ૪. શ્રીફળ બે. સોપારી ૭ સાત.

૩૩ અલવા કલવા લઈ જવો તેમાં સામાન લઈ જવાની વીગત—

૧ પાઘડી ૧ વરને આપવાની મુરતવંતી.

૧ ગોળપાપડી અથવા બીજું પકવાન શેર અઢી.

૧ દંઇથરા ૧૧ અથવા સાટા ૧૧. પવા, ખાંડ, દુધ. અલવા કલવા વખતે વર શીવાયનાને માટે ખાવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

વરના બાપે ગાગરબેડીયામાં રૂ. ૧) તે વખતે આપવો. ખારેક, માટલીમાં વરવાળાએ તે વખતે બીલકુલ આપવી નહિ.

૩૪ વરણામાં લુગડાં વિગેરે મુકવાની વીગત–

૧ કાપડાં ૭ તેમાં ત્રણ કીનખાબના–ત્રણ અતલસના.

૧ ચોળીખંડની કોર હાથ ચાર. કાપડાના મોળીઆ સારૂ.

૧ ઘાઘરો ૧ રેશમી તથા બીજા ઘાઘરા બદલ રૂ. ૮). કીનખાબનો ઘાઘરો વરણામાં મુકવો નહિ.

૧ કંકોળીયાનો સાડલો અથવા સુતરાઉ રેશમીકોરનું મગીયું.

૧ ઘરચોળાનો સાડલો કોરપાલવવાળો–કાચા રંગનો અથવા પાકા રંગનો અથવા રેટો અથવા મગીયું રેશમી.

૧ વરણામાં પીલામની સાડી કશબી કોરપાલવવાળી અથવા ઘાટ મુકવો. જો મુરતવંતુ લુગડું લાવ્યા ન હોયતો ખાધાના રૂપૈયા આપનારે રૂ. ૨૫) અને કંકુ કન્યાવાળા તથા પુરતીયાએ રૂ. ૪૦) આપવા. વરોંઠી કરવી હોય તો બાંટ અથવા

કીનખાબની સાડી મુકી શકે. અને વરોંઠી તથા લાણું બને કરે તો સાડી તથા ઉપર જણાવેલા ત્રણ કીનખાબના કાપડામાં બે લપેટાના અને એક કીનખાબનું કાપડું મુકી શકે.

ઉપર જણાવેલા ઘાટના અથવા પીલામની સાડી બદલના રૂપૈયા આપ્યા હોય તો તે તથા એક ઘાઘરા બદલના રૂ. ૮) ત્રાહીત સખ્સને સોંપવા. અને તેનું દીવાળીના આણા વખતે ઘરેણું કરાવી કન્યાને આપવું.

વરણામાં પરચુરણ સામાન મુકવાની વીગત.

૧ પછેડી કસબી	૧ બચકડી	૧ નાડી રેશમી
૧ આરસી	૧ ડાબડી ૪ પીતળની	૧ ડાબડો મેટો
૧ હીંગળોકીયું	૧ કાંચકી	નાડાં દસભાર
કોથળી	ચાંડલા	હીંગળોકના ૫ ડીકા બે
એલચી શેર ०।		

સોપારી શેર ૫ા ખારેક શેર રાા છુવારી લવીંગ શેર ०ાા

રોકડા રૂપૈયા અગીઆર આપવા તેની વીગત

૪) વરણાના. ૪) પડાના. ૨) જુવારના. ૧ ખાંડ સુખડીનો. કુલ ૧૧)

૩૫ ચુંદડી ઓઢવા જાય ત્યારે ચુંદડી ૧ ઓઢાડવી અને રૂપૈયો દોઢ સાંબેલા સુધાંતનો રોકડો આપવો.

૩૬ વર તોરણે આવે ત્યારે સાલા છંટામણના રૂ. ૨) આપવા તેથી વધારે આપવા લેવા નહિં.

૩૭ તંબોળ માત્ર કન્યાએજ છાંટવું, બીજા કોઇએ તંબોલ છાંટવું નહિં. તેમજ તે પ્રસંગે કોઈપ્રકારનું તોફાન કરવું નહિં.

૩૮ વરને ચાંલ્લો કરતી વખતે નાક તાણવાનો પ્રતીબંધ કરવામાં આવે છે.

૩૯ હથેવાળાની બાબતમાં ખાધાના આપનારે રૂ ૨) અને કંકુ કન્યાવાળા તથા પુરતીયાએ રૂ. ૪) ખુલ્લી રીતે આપવા.

૪૦ માયરેથી ઉઠયા પછી પરણેતર પુરૂં થતાં સુધી આખી રાતમાં ભાણે બેસાડવાનો રીવાજ છે તે વખતે વર અથવા બીજાએ જમવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

૪૧ વર કન્યા પહેલી વખત એકી બેકી રમે તે વખતે રૂ. ૦। થાળીમાં નાખવો ત્યાર પછીની એકીબેકી વખતે રૂપા નાણુ કે વીંટી નાંખવી નહિં.

૪૨ ચોરીનો ખર્ચ કન્યાના બાપને શિર છે. પરંતુ ચોરી વેહેવરામણ તથા અખીયાણા નાળિયેર બદ્દલ રૂ. ૦॥ વરવાળાએ આપવો.

૪૩ ચોરીમાં કંસાર વખતે સૌભાગ્ય આપવા સંબંધી કાંઈ આપવું લેવું નહિ.

૪૪ ચોરી વખતે થાળી ધોવરામણ અને કંસાર પીરસામણ સામસામુ વાળવું. અંગુઠો થોભામણનો રૂ. ૧ આપવો.

૪૫ કન્યાનું ફુલેકું ચડાવવાનો રીવાજ બંધ કરવામાં આવે છે.

૪૬ કન્યાને પરણાવ્યા પછી બીજે દીવસે આણુ વાળવા જાય તે વખતે જમાડવાનો રીવાજ છે તે બંધ કરવામા આવે છે. તે બદલે શીખના રૂ. ૨) અને આણાના શ્રીફળનો રૂ. ૧ મળી કુલ રૂપૈયા ૩) કન્યા-વાળાને આપવા.

૪૭ કન્યાને માથું ગુંથામણના ખાધાના આપના રે રૂપૈયા ૨) આપવા અને કંકુ કન્યાવાળાએ રૂ. ૪) આપવા.

૪૮ આ આણા વખતે કન્યાના ખોળામાં આપ-વાની વીગત.

સુખડી શેર ૧ા—સોપારી શેર ૧—લવીંગ—એલ-ચી—ચાંડલા—નાડા—શ્રીફળ ૧ એક. તે શીવાય ખોળા-માં બીજું કાંઇપણ આપવું નહિં.

૪૯ હરખ જમણ વખતે કન્યાનેવરના ભાણામાં બેસાડીને ફુલ વીંટી-પાન વીંટી. બદલ વરે રૂ. ૨) આપવા.

૫૦ ખારેક બદલ રૂ. ૫) આપવા તેની વીગત.

૧ સામૈયાની ખારેક બદલ રૂ. ૨

૧ અલવાકલવાની માટલીની ખારેક બદલ રૂ. ૧)

૧ અલવા કલવા વખતે વહેંચવાની ખારેક બદલ રૂ. ૨) કુલ. રૂ. ૫)

એ પ્રમાણે રૂ. ૫) શિવાય ખારેક બદલ બીજું કંઇ લેવું નહિં, કોઇ ગામમાં ખારેક બદલ પૈસા લેવાતા હોય તો તે પણ લેવા નહિ. તેમ મહાજને પણ ખારેક બદલ કાંઇ લેવું નહિં.

૫૧ જાનમાં વરવાળો જેટલા ગાડાં લાવે તેટલાનો બંને વખતના ભાડાનો તથા ખડખાણનો ખર્ચ વરવાળાને શિર છે. ઘોડા લાવે તો તેના જોગાણ તથા ખડનો ખર્ચ કન્યાવાળાને શિર છે. પણ કન્યાવાળાની મરજી હોયતો બંને યા એક વખત પોતાના તરફથી ગાડા મોકલે તો તેનો પ્રતિબંધ નથી.

૫૨. ઉપર જણાવ્યા શિવાયના બાબતનું નીચે મુજબ વરવાળાએ કન્યાવાળાને આપવું.

રૂ ૦ા ત્રણ જુહારનો. રૂ. ૦ા વરવાણીની ગોઠનો.
સોપારી શેર ૧૦ લવીંગ ૦ા એલચી નવટાંક
ઉપર જણાવ્યા શીવાય માંડવાની લાણીનું તથા નોતરની લાણીનું તથા વરવાણી સંતાડવા બાબતનુ સોપારી વગેરે કાંઇપણ કન્યાવાળાએ લેવું નહિં. અને વરવાણી સંતાડવી નહિં.

૫૩ લગ્નના કોઇપણ પ્રસંગમાં કોઇપણ વખતે કોઇ પણ સ્ત્રીએ ફટાણા ગાવાં કે ગવરાવવાં નહિં. એવો બંદોબસ્ત કરવામાં આવે છે.

૫૪ પરણ્યા પછીને બીજે દીવસે વરને ચાંલો કરવા આવે ત્યારે ચાંડલો કરવા આવનારને કાંઇપણ આપવું નહિં.

૫૫ ગામમાંને ગામમાં જાન હોય અને જાનને જમાડવાનો રીવાજ હોય તો ત્રણ ટંક જાન જમાડવી. ત્રણ ટંકથી વધારે જાન જમાડવી નહિં. વરેંાઠીને પ્રસંગે આ પ્રતિબંધ નથી.

૫૬ વરેંાઠીની શીરામણી આમન સામન દેવાય છે તે હવે પછી બંધ કરવામાં આવે છે.

૫૭ ઉત્તર વખતે વાળંદને શીખનું ઓછું આપવાનો જ્યાં રીવાજ હોય ત્યાં ઓછું અપાવવું. પરંતુ રૂ.

૨) થી વધારે કન્યાવાળાએ વરવાળા પાસેથી અપાવવા નહિ તે રૂ ૨) શ્રીફળ-પાઘડી-તથા દીવી વિગેરે કુલ બાબતના સમજવા.

૫૮ કુળ ગોરને વરવાળા પાસેથી અપાવવાની વિગત-

૧ ખાધાના આપનારે રૂ ૫) આપવા.

૧ કંકુ કન્યાવાળા તથા પુરતીયાએ રૂ ૬) આપવા

૧ વરોંઠીવાળાએ રૂ ૭) આપવા.

૧ વરોંઠી તથા લાણું બંને કરે તો રૂ ૮) આપવા.

જે ગામમાં ઓછું અપાવવાનો રીવાજ હોય તે ગામમાં વધારે માગવાનો કુળ ગોરનો હક નથી.

કુળ ગોર પાસેથી હાથ ગરણાનું કન્યાવાળાએ કાંઇપણ પાછું લેવું નહિં. અને કુળ ગોર પાદર શીખ વખતે હાજર હોય તો રૂ ૦ાા અપાવવો. વધારે અપાવવો નહિં.

૫૯ કન્યા પરણામણનો રૂ ૧ાા તથા લગ્નની રાતની તમામ બાબતના શ્રીફળનો રૂ૦ાા મળી કુલ રૂ ૨) કન્યા પરણાવનાર બ્રાહ્મણને અપાવવા. પણ જ્યાં ઓછું અપાતું હોય ત્યાં ઓછું અપાવવું.

૬૦ રાજ્યના ધણીનો લાગો ધર્માદા સંબંધી લાગો તેમજ ઢાલીનો લાગો જે ગામમાં જે પ્રમાણે લેવાતો

હોય તે પ્રમાણે મહાજનના કહેવાથી વરવાળાએ આપવો.

૬૧ વરવાળા પાસેથી કન્યાવાળાએ પોતાના રસો યાને કે ચાકર નફરને કાંઇપણ અપાવવું નહિં.

૬૨ કન્યાવાળાએ વરને પાઘડી મુરતવંતી અલવા કલવા વખતે આપેલી છે. તે શિવાય ઉત્તરમાં કુટુંબ પેહેરામણી સુદ્ધાંત ઓછામાં ઓછા રૂ ૧૫) વરવાળાને આપવા. તે ઉપરાંત વધારે આપવાની 'કન્યાવાળાને છુટ છે. પરંતુ ઉત્તરમાં મુકેલી રકમ તથા ઘરેણું વરને તરતજ સ્વાધીન કરી દેવું. તેની ઉપર વરનોજ હક છે. ઉત્તરમાં કન્યાદાનમાં આપેલી રકમ અથવા દાગીના મુકવા નહિં.

૬૩ ઉત્તરની છાબમાં રૂ ૧૫) થી ૫૦ સુધી કન્યાવાળાએ મુકયા હોય તો રૂ ૧) અને તે ઉપરાંત વધારે ઉત્તર મુકયો હોય તો રૂ ૨) વરવાળાએ પાછા મુકવા.

૬૪ કન્યાવાળાએ માઇમાટલું પુરવું તેની વિગત.

૧ લાડવા અથવા ગોળપાપડી શેર ૨૧

૧ દઇથરાં અથવા મોળા સાટા. ૧૧

૧ રૂ. ૧) રોકડો.

૬૫ માઇમાટલું ઉપાડતી વખતે વરવાળાએ કે ક-ન્યાવાળાએ કાંઇપણ લેવું દેવું નહિ.

૬૬ માઇમાટલું બાંધનાર ગાડીવાળાને ખેસ કે પાઘડી બદલ કાંઇપણ કન્યાવાળા પાસેથી અપાવવું નહિં.

૬૭ વરને છેડો ઝલામણ રૂ. ૨) આપવા તેથી વધારે વરવાળાએ માગવું નહિ. રીસામણ તથા ખોળામાં બેસામણ વરને આપવાનું બંધ કરવામાં આવે છે. તેથી એ બાબતમાં કન્યાવાળાએ વરને કાંઇપણ આપવું નહિ,

૬૮ ગોત્રીજના કરનું વરવાળાને ત્યાં જે પ્રમાણે લેવાતું હોય તે પ્રમાણે કન્યાવાળાએ આપવું. અને વ-રકન્યાની છેડાછેડી છોડામણ, વરમાળ કઢામણ, માઇ માટલું છેડામણ. અને પગે પડામણ એ રીતે ચાર બાબતના મળી રૂ. ૨) કન્યાવાળાએ વરવાળાને આપવા. તે ઉપરાંત વરવાળાએ કાંઇ વધારે માગવું નહિ.

૬૯ જાન વિદાય થાય ત્યારે જાનીવાસે માઇ સ્થાપનાની માટલીમાં વરવાળાએ રૂ. ૧) નાખવો.

૭૦ જાન વીદાય થતી વખતે વરના ગાડામાં કન્યા

વાળા તરફથી છોકરાને બેસાડવામાં આવે છે. તેને રૂ ૨) સુધી આપવા. વધારે કાંઇપિણ આપવું નહિં.

૭૧ જાન વિદાયં થતી વખતે વગવાળા ભાટ બ્રાહ્મણને રૂ ૨) સુધી વરવાળા પાસેથી કન્યાવાળાએ અપાવવા. અને પરચુરણ પાદરશીખ તે ગામના મહાજનના કહેવા પ્રમાણે વરવાળાએ આપવી.

૭૨ એક માંડવે બે કન્યા પરણવાની હોય તેવા પ્રસંગમાં સામૈયા વખતે, વરઘોડા વખતે–તેમજ જાનને વિદાય કરતી વખતે જે કન્યા મોટી હોય તેનો વર આગળ ચાલે. અને ફઇભત્રિજીના સાથે લગન હોય તો ફઇનો વર આગળ ચાલે. પરંતુ ખાસ કારણથી બેમાંની નાની કન્યાને વેહેલી વિદાય કરવી પડે તો તેના વરને પેહેલો વિદાય કરી શકાય.

૭૩ નાના કે મોટા ગામમાં નાતના દાપાની વરવાળા પાસેથી જે રકમ લેવામાં આવે તે રકમ લેનારાએ ખાનગી ઉપયોગમાં નહિ લેતાં જ્ઞાતિના હીતને માટેજ તે રૂપૈયાનો ઉપયોગ કરવો.

૭૪ જે કન્યાનું વેશવાળ કરતી વખતે તેણીના બાપે ખાધાના રૂપૈયા વરવાળા પાસેથી લેવાનો ઠરાવ કર્યો હોય તો તેમાંથી જેટલા રૂપૈયા લગ્ન વખતે લેવા

ઠરાવ્યા હોય તેટલાજ વરવાળા પાસેથી લેવાનો હક છે. તે ઉપરાંત કાંઇપણ રકમ ખાધાની કન્યાવાળાએ વરવાળા પાસેથી લેવી નહિ. અને વરવાળાનું ચડેલું ઘરેણું ધુધરીની ફાડ શીખે તમામ વરવાળાને પાછું આપવું. કદાપિ કન્યાવાળાની જાન જાળવવાની શક્તિ ન હોય તો પરણવાને માટે માત્ર વર તથા અણવરને બોલાવી કન્યાને પરણાવી દેવી પરંતુ ખાધાનું વધારે કાંઇ માગવું નહિ.

૭૫ જે કન્યાનું વેશવાળ કંકુ કન્યાની રીતે કરવામાં આવ્યું હોય અથવા જે વેશવાળમાં લગ્ન વખતે રૂપૈયા લેવાનું બાકી ન રાખ્યું હોય તેના માબાપની નબળી હાલત થઈ હોય તો તેના લગ્નના ખર્ચને માટે જે ગામના તાબામાં તે કન્યા હોય તે ગામના તાલુકાનું મહાજન લગ્નના ખર્ચને સારૂં જે રકમ કન્યાવાળાને અપાવે તેટલી રકમ લઈ કન્યાને પરણાવી દેવી. કદાપિ બંને વેવાઇઓ ઘરમેળે સમજે તો તે બાબતમાં મહાજનને વચે આવવાની જરૂર નથી. પરંતુ તે કન્યાને ચડેલું તમામ ઘરેણું વરવાળાને કન્યાવાળાએ આપી દેવું.

આ કલમ આજ સુધી થયેલા તેમજ હવે પછી થ-
વાના તમામ વેશવાળને લાગુ પડે છે.

લગ્નના પ્રસંગમાં વરવાળાએ કન્યાવાળાને તમામ
બાબતના રૂપૈયા આપવા પડે તેની તપસીલ—

રૂ. ૧) સામૈયા વખતનો..	રૂ. ૧) આચમનનો.
રૂ. ૨) જુહારના.	રૂ. ૧) ગાગરબેડીયામાં.
રૂ. ૪) વરણામાં.	રૂ. ૭) પડા વિગેરેના વરણા વખતે
રૂ. ૧ાા ચુંદડી વખતે	રૂ. ૨) સાજ્ઞા છંટામણના
રૂ. ૦ાા ચોરી વેહેવરામણ	રૂ. ૧) અંગુઠો થોભામણ
રૂ. ૩) આણા વખતે	રૂ. ૫) ખારેકના
રૂ. ૦ાા ત્રણ જુહારનો	રૂ. ૦ાા વરવાણીનો
રૂ. ૨) ગાડે બેસામણ	
	રૂ. ૩૨)

આ શિવાય હથેવાલાના, માંથુ ગુંથામણના, ફુલવીં-
ટી પાનવીંટીના અને કુલ ગોર તથા વાળંદને શીખ-
ના તથા પરણાવનાર બ્રાહ્મણના અને પાદર શીખના
રૂપૈયા જુદા સમજવા. તેની વિગત અગાઉ જણાવેલી છે

૭૬ પરણ્યા પછી કન્યાવાળા તરફથી વરવાળાને
ત્યાં કોથળી મોકલવામાં આવે છે તેમાં લાડવા નંગ

૧૫ અને કાપડું મોકલવાનો રીવાજ હોય તો તે મોક લવું. વરવાળાએ કોથળી લાવનાર માણસને શીખ આપવી નહિ.અને તેને એક દીવસ રાખી રજા આપવી.

૭૭ કન્યાકાળ પહોંચ્યા અગાઉ કન્યાને તેના વાલીએ પરણાવી દેવી. તેમાં કન્યાવાળા ગફલત રાખે તો તે ગામના નાતવાલાઓએ તે કન્યાના વાલી ઉપર સખ્તાઇ કરવી.

પ્રકરણ ત્રીજાું.

(આણા સંબંધી.)

૭૮ કન્યાવાળા તરફથી પોતાની દીકરીને તેને સાસરેથી તેડી લાવવા માટે દસાયાનું આણું વાળવા જાય ત્યારે ગાડું એક અથવા ઘોડા બે લઇ જવા. અને ગાડાવાળો તથા વળાવીયા સુધ્ધાંત સાત માણસો લઈ જવા. ગાડાના ખડખાણના ખર્ચ સારૂ વરવાળાએ દરરોજના આઠઆના મુજબ આપવું. અને ચારથી છ દીવસ સુધી રાખી રજા આપવી. તે વખતે પોતાના કુંવારા જમાઇ તથા વહુ તથા ભાણેજ અને સગા ભાઇ ભત્રીજાને જમવાનું કહેવું. તેઓને ચાર ટંક જમાડી રજા આપવી. તે વખતે કન્યાવાળાએ જુવા-

રમાં રૂ. ૨) આપવા. અને વરવાળાએ શીખના રૂ. ૩) આપવા. તથા એક ચુંદડી આપવી. તેડવા જનારે રૂ. ના વાળંદનો આપવો. ગોઠનું કાંઇ લેવું દેવું નહિ. તેમજ ભાતાની થાળીમાં કાંઈ રોકડ મુકવું નહિ. ગામ માંને ગામમાં આણામાં ચાર ટંક જમાડવા.

૭૯ દીવાળીનું આણું વાળવા સારૂ વરવાળા તરફથી જાય. ત્યારે દશાયાના આણા પ્રમાણે વરવાળાએ માણસો લઇ જવા તેજ મુજબ જમવાનું કહેવું અને ઉપરની કલમમાં બતાવ્યા મુજબ રાખી રજા આપવી. જુવારના રૂ. ૨) મુકવા પણ કન્યાવાળાએ શીખના રૂ. ૪) આપવા. વરવાળાએ રૂ. ાા વાળંદનો આપવો. તે વખતે વરવાળાએ લુગડાં લઇ જવાની વિગત

૧ સાડલો ૧ અથવા મગીયું ૧ રૂ. ૫) થી ૭) સુધીનું
૧ કીનખાબનું કાપડું ૧
૧ ચોળી ખંડની કોર હાથ એક.
૧ કાપડું ૧ અતલસનું. દસ પચ્ચખાણ બાબતનું

વરણા વખતે ઘાટ તથા ઘાઘરા બદલ રૂપૈયા મુકયા હોયતો તે તથા પાંનવીંટી ફુલ વીંટીના રૂપૈયા એકઠા કરી તેનું કન્યાને ઘરેણું કરાવી આ વખતે આપવું અને કન્યાવાળા તરફથી અડધા સાડલાના રૂ.૧૦

આપે તો વરવાળાએ રૂપૈયા દશ ૧૦ આપવા. અને તે રૂપૈયા ૨૦ નું પણ કન્યાને ઉપરના રૂપૈયા ભેગું ઘરેણું કરાવી આપવું.

૮૦ કન્યાના બાપે લુગડાં કરવા તેની વિગત

૧ કાપડા નંગ ૨૫ સુધી. ૧ સાડલા નંગ ૧૧ સુધી.
૧ ચણીયા નંગ ૧૧ સુધી.

તે શિવાય બાકીનો કરીયાવર તથા ઘરેણું અને રોકડ કન્યાના બાપે મરજી મુજબ આપવું. પરંતુ કન્યા વાળાએ કુખીયા માટે કાંઈ માગવું નહિ.

૮૧ દીવાળીના આણાના શીવરામણના કન્યાવાળાએ ફકત રૂ. ૨) લેવા, વધારે લેવું નહિ. પીંજરાનું પીંજામણ કાંઈ પણ લેવું નહિ.

૮૨ કરીયાવરમાં કરેલા તમામ લુગડા દાગીના તથા રોકડ કન્યાને વળાવતી વખતે કન્યાને સોંપી દેવા.

૮૩ દીકરીનું બીજું આણું તેના માબાપની તરફથી વળાવવામાં આવેતો વરવાળા તરફથી બે માણસે જવું અને સાડલો એક રૂપૈયા ૪ નો તથા કાપડું એક રૂ. ૩ નું કન્યાને આપવું. બીજો કાંઇ લાગો આપવો લેવો નહિ.

પ્રકરણ ૪ થું.

(સીમંત સંબંધી.)

૮૪ દીકરીના સીમંત ઉપર જાવાને પ્રસંગે તેના માબાપે વધારેમાં વધારે સાત માણસોને મોકલવા. ત્યાં દીવાળીના આણા પ્રમાણે જમવાનું કહેવું. અને ચાર ટંકે રજા અપાવવી. કન્યાવાળાને ચારથી છ દીવસ રાખી રજા આપવી. ગામમાંને ગામમાં સીમંત હોય તો ચાર ટંકે રજા આપવી. વરવાળાએ નાતવરો કરવો નહિ. તેમજ કન્યાવાળાએ વાજતે ગાજતે છાબ ભરવી નહિ. બેડી છાબ ભરવી. તેમાં લુગડાં મુકવાની વિગત—

૧ ઘરચોળું ૧ કોરપાલવવાળું. ૧ ચાણીયો ૧
૧ કાપડું કીનખાબનું. ૧ કાપડું અતલસનું.

રોકડ ને ઘરેણું કન્યાવાળાએ પોતાની મરજીમાં આવે તેટલું છાબમાં મુકવું. છાબમાં સગા સંબંધી જે રકમ મુકે તેને એક ટંક જમાડી તેઓએ મુકેલ રૂપીયાથી અડધી શીખ આપવી. સાંગી ગરાવવી નહિ.

૮૫ સીમંતને પ્રસંગે કન્યાવાળાએ પરચુણ આપવું તેની વિગત.

પગલાં ભરવામાં રૂ ૦ાા=; રાખડી બંધામણના રૂ-
પૈયા ૨) તથા બુંસટ મરનાર સગો દેર હોય તો રૂ ૧)
નહિતો રૂ૦ાા આપવો. ઉમરો ઓળંગામણ શ્રીફળ
આપવું રોકડ નાણું આપવું નહિ. ગોત્રીજનો કર હો-
ય તે આપવો.

૮૬ સીમંતવાળી સ્ત્રીને પાટેથી ઉઠામણના તથા ચં-
દન પીધાની બાબતના રૂ ૨) થી ચાર સુધી વરવાળા
એ આપવા.

પ્રકરણ ૫ મું.

એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રી પરણવા બાબત.

૮૭ કોઇ પણ સખ્સને એક ઉપર બીજી સ્ત્રી કરવી
હોય તો પ્રથમની ઓરત સાથેના પરણેતરને પુરા દશ
વર્ષ વીત્યા બાદ કરી શકે. પરંતુ બીજી ઓરતની સા
થે વેશવાળ કરતી વખતે પ્રથમની ઓરતના હિતને
માટે તેણે તેણીને રૂ ૫૦૧) આપવા. તે રૂપૈયા બાબત
પ્રથમની ઓરતનું મન મનાવે નહિતો તેનું બીજી
સ્ત્રી સાથેનું પરણેતર અટકાવી મહાજને તે રૂપૈયા પ્ર
થમની સ્ત્રીને અપાવવા. અને તેણીનું પ્રથમનું ચડેલું
ઘરેણું તેણીની પાસે રહેવા દેવું. સદરહુ ઘરેણા તથા

તેણીને મળેલા રૂપૈયા ઉપર તેણીની હયાતી બાદ તે-ણીને ફરજંદ ન હોય તો તેના ધણી તથા સાસરીયા-નો હક છે.

અપવાદ—સદરહુ પહેલી સ્ત્રીને ભયંકર વ્યાધિ થયો હોય તો અથવા તે વ્યંડળ હોય તો તાલુકાના મહા-જનની પરવાનગી લઇ દશ વર્ષની અંદર બીજી સ્ત્રી કરી શકે.

પ્રકરણ ૬ ઠું.

(વેશવાળ પડયું મુકવા બાબત

૮૮ કોઇ પણ કન્યાનું વેશવાળ કર્યા પછી વરવાળા ની મરજી તે કન્યાની સાથેનું વેશવાળ તોડી નાખવા ની થાય તો તે કન્યાને ભયંકર વ્યાધિ અથવા નપું-સકપણું પ્રાપ્ત થયું હોય તો તે સખ્સના તાલુકા (સં-સ્થાનના મહાજનની પરવાનગી લઇ તે કનયાનું વેશવાળ તોડી શકે. વરવાળા તથા કન્યાવાળા બંને પક્ષકારોની મરજી તે વેશવાળ તોડી નાખવાની થાય તો તેણે વેશવાળ તોડી નાખ્યાની હકીકત નાતને જા-હેર કરવી.

૮૯ ઉપર જણાવેલી કન્યાને મહાજનની સંમત્તિથી છોડી દેવામાં આવે ત્યારે વરવાળાએ આપેલો અવેજ તથા ચડાવેલું ઘરેણું કન્યાવાળા પાસેથી તેને પાછું અપાવવું નહિં. પણ જો લુગડું ઘરેણું ચડાવ્યું ન હોય અને અવેજ પણ અપાયેલો ન હોય તો મહાજનની મરજી મુજબ કન્યાવાળાને વરવાળા પાસેથી અપાવવું.

૯૦ કોઇપણ સખ્સનું વેશવાળ થયા પછી તે વરને ભયંકર વ્યાધિ થયો હોય અથવા નપુંસકપણું તેનું માલમ પડયું હોય અથવા તે વટલી ગયો હોય તો જે ગામનો તે વર હોય તે ગામના તાલુકાના મહાજનની પાસે કન્યાવાળાએ જઇને કન્યાનો છુટકારો કરવાની અરજ કરવી. પછી સદરહુ તાલુકાનું મહાજન વૈદ અથવા ડાકતરની મદદથી તથા બીજા પુરાવાથી તે બાબતની પોતાની ખાત્રી કરે. અને તેઓને ખાત્રી થાય કે તે કન્યાને તે વર સાથે પરણાવવી વ્યાજબી નથી તો તે વરને તે કન્યા છોડી દેવાની મહાજન ફરજ પાડી શકે અને કન્યાવાળો તે વરને ત્યારેજ છોડી શકે.

૯૧ ઉપર જણાવ્યા પ્રમાણે કન્યાનો છુટકારો થયા

પછી કન્યાવાળાએ તે કન્યાને વરના બાપના ગામમાં કે વરના મોસાલના ગામમાં પરણાવવી નહિ. તેમજ કન્યાની ઉમર કરતાં દશ વર્ષથી વધારે ઉમરવાળા વરને પરણાવવી નહિ.

૯૨ આવી રીતે કન્યાનો છુટકારો થાય ત્યારે પ્રથમના વર તરફથી કન્યાને ચડેલું ઘરેણું અને આપેલો અવેજ હોયતો તે રૂ ૧૦૧ ના વધારા સાથે વરવાળાને કન્યાવાળા પાસેથી મહાજને અપાવવું. અને અવેજ આપેલો ન હોયતો ચડેલું ઘરેણું તથા તે ઉપરાંત મહાજનની મરજીમાં આવે તે વરવાળાને અપાવવું. અને રૂ. ૨૫) કન્યાવાળા પાસેથી જીવદયામાં અપાવવા.

૯૩ આવા પ્રસંગમાં નાના તાલુકા વાળાઓએ પોતાની નજીકના મોટા તાલુકા સાથે મળીને નિર્ણય કરવો.

૯૪ વેશવાળ કર્યા પછી વર બે આંખે આંધળો થયો હોય અથવા કોઇપણ કારણથી પોતાનું ગુજરાન ચલાવી શકે તેવો ન હોયતો મહાજને વર કન્યાના ગુજરાનને સારૂ વરવાળા પાસેથી વ્યાજબી રકમનો બંદોબસ્ત કરી આપી તે કન્યાને પરણાવી દેવાનું કહેવું. પરંતુ તેનું વેશવાળ તોડાવી શકાય નહિં. પણ

એવી બાબતમાં વર કન્યાવાળા અરસ્પરસ સમજીને વેશવાળ ફોક કરે તો તેમાં મહાજનને વચ્ચે આવવાની જરૂર નથી. પરંતુ બંને પક્ષકારોએ મળીને તે હકીકત મહાજનને જાહેર કરવી.

૯૫ વેશવાળ કર્યા અગાઉ વરમાં ઉપર જણાવ્યા મધ્યેનો કોઇપણ પ્રકારનો દોષ હોય અને જાણી બુઝીને કન્યાવાળાએ વેશવાળ કર્યું હોય તો તે બાબતમાં પાછળથી કન્યાવાળાની ફરિયાદ સાંભળવી નહિ. પરંતુ ફરેબના કારણથી એવું વેશવાળ થયું હોય અને પાછળથી કન્યાવાળાના સમજવામાં આવે તો તેણે તે તાલુકાના મહાજનની પાસે અરજ કરવી અને મહાજને તે બાબતનો પોતાની મરજીમાં આવે તેવો ઈનસાફ કરવો.

પ્રકરણ સાતમું.

(પર જીલ્લામાં તથા પરજ્ઞાતિમાં કન્યા દેનારનો ઈનસાફ કરવા બાબત.)

૯૬ આપણી મુકરર કરેલી સરહદનો કોઇપણ માણસ પોતાની દીકરીને કેરી ઉતાર આપે પણ તે જો ઝાલાવાડ પ્રાંતની સરહદની અંદર આપે તો તે બા-

બત રૂ ૨૫૧) વરવાળા પાસેથી દંડના લીધા પછી તેનું લગ્ન થવા દેવું. અને કન્યાવાળાને પાંચ વર્ષ સુધી જ્ઞાતિ બહાર રાખ્યા પછી તેની પાસેથી તે તાલુકાના મહાજનની મરજીમાં આવે તે દંડ લઈ તેને જ્ઞાતિમાં લેવો.

ઉપર જણાવેલો કન્યાવાળાને પાંચ વર્ષ સુધી નાત બહાર રાખવાનો ઠરાવ શાહેર ભાવનગરને માટે લાગુ નથી.

૯૭ ઝાલાવાડ પ્રાંતની સરહદ બહાર અથવા દરિયા ઉતાર કોઇ સખ્સ પોતાની કન્યા આપે તો તે વરના રૂ ૫૦૧) દંડના લીધા પછી તેના લગ્ન થવા દેવા. અને તે કન્યાવાળાને પાંચ વર્ષ નાત બહાર રાખ્યા બાદ નાતની મરજીમાં આવે તે પ્રમાણે દંડ લઇ તેની સાથે માત્ર જમવા જમાડવાનો વ્યવહાર કરવો. પરંતુ તેની સાથે કન્યા લેવા દેવાનો વ્યવહાર કરવો નહિ.

૯૮ ઉપરની બંને કલમનો ઠરાવ આપણી સરહદમાંથી ગુજરાન ચલાવવાને માટે ત્યાં ગયા હોય તેઓને માટે લાગુ નથી.

૯૯ પરજ્ઞાતિમાં સરહદની અંદર અથવા બહાર કોઇપણ સખ્સ પોતાની કન્યા આપે તો તે વરવાળા

ના રૂ. ૧૦૦૧) દંડના લીધા પછી તેનું લગ્ન થવા દેવું. તેમ છતાં મહાજનની રજા વિના લગ્ન કરી જાય તો તે દંડ કન્યાના બાપની પાસેથી લેવો. અને કન્યાના બાપને દશ વર્ષ સુધી નાત બહાર રાખી ત્યારબાદ નાતની મરજી મુજબ દંડ લઇ તેને નાતમાં લેવો. પણ તેની સાથે કન્યા લેવા દેવાનો વેહેવાર તો કાયમને માટે બંધ રાખવો.

૧૦૦ પર જીલ્લામાં કન્યા આપનારની સાથે સામેલ રહેનારે લાંચ લીધાનું સાબેત થાય તો તેણે લાંચના લીધેલા રૂપૈયા તથા તે ઉપરાંત રૂ. ૧૦૧) તેની પાસેથી દંડના લેવા. અને લાંચ લીધી ન હોય તો રૂ ૧૦૧ માત્ર દંડના લેવા.

પ્રકરણ ૮ મું

(સવેલા બાબત.)

૧૦૧ કોઇ પણ શખ્સ પોતાની કન્યાનું વેશવાળ કર્યા છતાં મહાજનની રજા શિવાય સરહદમાં કે સરહદની બહાર બીજા સખ્સ સાથે પરણાવી દેતો તેની સાથે કન્યા લેવાદેવાનો વેહેવાર કાયમને માટે બંધ

